DDD-002-001504 Seat No. ________

# B. Com. (Sem. V) (CBCS) Examination

April / May – 2015

## Principles of Auditing-I

**Faculty Code : 002**
**Subject Code : 001504**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) દરેક પ્રશ્નના જવાબ મુખ્ય ઉત્તરવહીમાં જ લખવાના છે.
(2) દરેક પ્રશ્નના ગુણ પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ છે.

**1** નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો અને યોગ્ય વિકલ્પ જવાબરૂપે પસંદ કરી જણાવો : **20**

(1) હિસાબી ચોપડે લખેલી નોંધોને તેની સાથેના દસ્તાવેજી પુરાવાઓ સાથે સરખાવવાની પ્રક્રિયાને કહેવામાં આવે છે.

(A) નામાપદ્ધતિ (B) વાઉચિંગ

(C) વાઉચર (D) આંતરિક અંકુશ

(2) નીચેના પૈકી કયો કાયદો ભારતમાં ઑડિટિંગના વ્યવસાયનું નિયમન કરવાના હેતુ માટે જરૂરી નથી ?

(A) ધી ઈન્કમટેક્સ ઍક્ટ, 1961

(B) ધી કંપની ઍક્ટ, 1956

(C) ધી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઍક્ટ, 1949

(D) ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયાના નિયત ઑડિટ કોડ.

(3) નીચેના પૈકી કઈ ભૂલ કાચા સરવૈયાને અસર કરતી નથી ?

(A) વેચાણ નોંધનો સરવાળો વધુ ગણવો.

(B) સિદ્ધાંતની ભૂલ

(C) કાચા સરવૈયામાં કોઈ ખાતાની ખોટી બાકી લખવી.

(D) કોઈ ખાતાની ખોટી બાજુએ ખતવણી કરવી.

(4) નીચેના પૈકી કયું વિધાન 'ઑડિટિંગની મર્યાદા' ગણાતું નથી ?

(A) નાના કદના એકમો માટે બિનઉપયોગી

(B) હિસાબોના સાચાપણાની સંપૂર્ણ ખાતરીનો અભાવ

(C) તે કર્મચારીઓ પર નૈતિક અંકુશ રાખે છે.

(D) ઑડિટરના પૂર્વગ્રહો તેના ઑડિટ કાર્યમાં પ્રતિબિંબિત થાય છે.

(5) નીચેના પૈકી કઈ ભૂલ એ 'કારકુની ભૂલ' ગણાતી નથી ?

(A) મૂડી અને મહેસૂલી વચ્ચે ખર્ચની ખોટી ફાળવણી કરવી.

(B) કોઈ ખાતાની બાકી ખોટી કાઢવી.

(C) પેટાનોંધોના સરવાળા કરવાની ભૂલ

(D) કોઈ ખાતાની ખોટી બાકી આગળ ખેંચી જવી.

(6) જ્યારે ધંધાના હિસાબોનું ઑડિટ ધંધામાં નિમાયેલા પગારદાર કર્મચારી દ્વારા કરવામાં આવે છે, તેને ________ કહેવાય.

(A) બાહ્ય ઑડિટ (B) આંતરિક ઑડિટ

(C) કાયદેસરનું ઑડિટ (D) સામાજિક ઑડિટ

(7) નીચેના પૈકી હિસાબોમાં ઘાલમેલ કરવાની કઈ રીત દ્વારા નફો વધુ બતાવી શકાય છે ?

(A) શરૂઆતના સ્ટૉકની કિંમત વધુ દર્શાવીને

(B) કાલ્પનિક ખરીદી દર્શાવીને

(C) ધંધાના મહેસૂલી ખર્ચને મૂડી ખર્ચ ગણીને

(D) વેચાણનાં ભરતિયાં દબાવી રાખીને.

(8) નીચેના પૈકીનું કયું વિધાન સાચું નથી ?

(A) આંતરિક ઑડિટરની નિમણૂંક સંચાલકો કરે છે.

(B) ખાતામાં સરવાળાની ભૂલ એ કારકુની ભૂલ છે.

(C) જવાબદાર અધિકારી જ નુકશાની માલ કે ભંગાર માંડી વાળી શકે.

(D) ખાતામાં ખોટી બાજુ ખતવણી કાચા સરવૈયાને અસર ન કરે.

(9) નીચેનાં વિધાનો પૈકી કયું વિધાન એ ખર્ચને મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ વચ્ચે સાચી ફાળવણી કરવા માટે સંબંધિત નથી ?

(A) તે ધંધાની કમાણીની શક્તિ વધારામાં પરિણમે છે.

(B) તે ખર્ચ કોઈ કાયમી મિલકતની પ્રાપ્તિમાં પરિણમે છે.

(C) તે ચાલુ કાયમી મિલકતોમાં વધારામાં પરિણમે છે.

(D) તે ખર્ચ માલિકીની ઇક્વિટીમાં વધારો થવામાં પરિણમે છે.

(10) ઑડિટરે ખરેખર ઑડિટ કાર્ય શરૂ કરતાં પહેલાં તેના અસીલને નીચે જણાવેલી કઈ સૂચના આપવી જોઈએ નહીં ?

(A) ઑડિટ ફી અંગે જામીનગીરી ડિપોઝીટની જોગવાઈ કરવી.

(B) વાઉચરો તારીખના ક્રમમાં ગોઠવવા.

(C) આખર સ્ટૉકની યાદી બનાવવી તથા તેના મૂલ્યાંકનની રીત દર્શાવવી.

(D) દેવાદારોની યાદી બનાવવી.

(11) નીચેના પૈકી કયો ખર્ચ મહેસૂલી ખર્ચ છે ?

(A) મકાન ખરીદતી વખતે ચૂકવેલ સ્ટૅમ્પ ફી અને દલાલી

(B) કાયમી મિલકતો ખરીદવાનો ખર્ચ

(C) સિનેમાઘરને ઍરકન્ડિશન્ડ કરવાનો ખર્ચ

(D) કાયમી મિલકતની હાલની કાર્યક્ષમતા જાળવી રાખવા માટે કરવામાં આવતો ખર્ચ.

(12) જ્યારે ઑડિટર થોડાં જ વ્યવહારો પસંદ કરી તપાસે, તેને ______ કહે છે.

(A) નિત્ય તપાસ

(B) અણધારી તપાસ

(C) પ્રાયોગિક તપાસ

(D) આમાંથી કોઈ નહીં

(13) નીચેના પૈકી કયો ખર્ચ 'મુલતવી રાખેલ મહેસૂલી ખર્ચ' નથી ?

(A) નવા યંત્રોને જે આવતા વર્ષે ઉપયોગમાં લેવાનું છે તેને ગોઠવવાનો ખર્ચ

(B) ધંધો અન્યત્ર ખસેડવાનો ખર્ચ

(C) શૅર પરનું બાંયધરી કમિશન

(D) નવી વસ્તુ બજારમાં મૂકતાં થયેલ જાહેરાત ઝુંબેશ ખર્ચ

(14) નીચેના વિધાનો પૈકી કયું વિધાન વાઉચિંગનો હેતુ દર્શાવતું નથી ?

(A) હિસાબના ચોપડામાં બધાં વાઉચરો સાચી રીતે નોંધાયેલા છે તે જોવું.

(B) પેઢી ભવિષ્યમાં ખોટ કરે નહીં તે જોવું.

(C) કોઈ પણ હિસાબી વ્યવહાર નોંધવાનો રહી ગયો નથી તેની ખાતરી કરવી.

(D) ચોપડે નોંધાયેલા બધાં વ્યવહારો અંગેના જરૂરી વાઉચરો અસીલ પાસે છે તેની ખાતરી કરવી.

(15) ઑડિટરે ઑડિટ કાર્ય કરવાની ઘડેલી યોજના એટલે _______.

(A) ઑડિટ નોંધપોથી
(B) ઑડિટ અહેવાલ
(C) ઑડિટ કાર્યક્રમ
(D) ઑડિટ પ્રમાણપત્ર

(16) ખરીદ ભરતિયાની તપાસ વખતે નીચેના પૈકી કઈ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી નથી ?

(A) ખરીદીનું ભરતિયું ધંધાના નામનું હોવું જોઈએ.
(B) ભરતિયામાં જણાવેલી વસ્તુઓ ધંધા માટે જ ખરીદવામાં આવેલી હોવી જોઈએ.
(C) ભરતિયાની તારીખને ખરીદનોંધની તારીખ સાથે સરખાવવી જોઈએ.
(D) એક મહિનાની મોડી ચુકવણીનું કારણ.

(17) જ્યારે ઑડિટર બધા હિસાબી ચોપડામાં નોંધાયેલા બધા જ વ્યવહારો તેને સમર્થન આપતાં વાઉચરો અને દસ્તાવેજી પુરાવાની મદદથી તપાસે છે, તેને _______ કહે છે.

(A) સંપૂર્ણ ઑડિટ
(B) અંશતઃ ઑડિટ
(C) સંચાલકીય ઑડિટ
(D) સામાજિક ઑડિટ

(18) 'ઑડિટ' શબ્દ એ '_______' નામના લેટિન શબ્દ ઉપરથી આવેલો છે.

(A) Audire
(B) Account
(C) Audience
(D) Accounting

(19) નીચેના વિધાનો પૈકી કયું વિધાન 'મજૂરી અંગે આંતરિક અંકુશ' અંગે સાચું નથી ?

(A) કામદારોની હાજરીની નોંધ રાખવાની વૈજ્ઞાનિક પદ્ધતિ જરૂરી છે.
(B) મજૂરોની ચુકવણીની આંતરિક અંકુશ પદ્ધતિ યોગ્ય રીતે નક્કી થયેલી હોવી જોઈએ ?
(C) છૂટક કામદારોની ચુકવણી માટે કોઈ જવાબદાર અધિકારીની મંજૂરી મેળવવાની જરૂર છે.
(D) જ્યારે કાર્યવેતન પ્રથાનો અમલ થતો હોય ત્યારે કામદારોના કામ પરના સમયની ચોક્કસ નોંધ થવી જોઈએ.

(20) 'ઑડિટર એ ચોકીયાત કૂતરા જેવો છે, શિકારી કૂતરા જેવો નથી' - આ _______ કેસના ચૂકાદામાં જણાવ્યું હતું.

(A) લંડન ઍન્ડ જનરલ બૅન્ક
(B) ધી બલ્યુ બૅન્ડ નેવિગેશ કંપની લિ.
(C) યુનિયન બૅન્ક ઑફ અલાહાબાદ
(D) કિંગ્સ્ટન કૉટન મિલ્સ કંપની લિ.

2 ‘નામાપદ્ધતિ એક જરૂરિયાત છે, જ્યારે ઑડિટિંગ એક વૈભવ છે.’ શું તમે આ વિધાન સાથે સંમત છો ? શા માટે ? 10

**અથવા**

2 ઑડિટિંગ એટલે શું ? ઑડિટિંગનું કાર્યક્ષેત્ર સમજાવો. 10

3 સતત ઑડિટ એટલે શું ? તેની ત્રુટિઓ કઈ છે ? આ ત્રુટિઓ સામે તમે કયા પ્રકારની સાવચેતી રાખશો ? 10

**અથવા**

3 આંતરિક ઑડિટ એટલે શું ? તે કાયદાનુસાર ઑડિટથી કઈ રીતે જુદું પડે છે ? 10

4 એક નવી સ્થપાયેલ કંપનીમાં તમારી એક ઑડિટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. નવું ઑડિટ શરૂ કરતી વખતે તમે કઈ કઈ બાબતો ધ્યાનમાં લેશો ? 10

**અથવા**

4 રોકડ વેચાણ અંગે આંતરિક અંકુશની પદ્ધતિ સૂચવો. 10

5 ઑડિટિંગની વ્યાખ્યા આપી, ઑડિટિંગના ઉદ્દેશો સમજાવો. 10

**અથવા**

5 નીચેના ખર્ચાઓ મૂડી ખર્ચ છે કે મહેસૂલી ખર્ચ છે, તે કારણો આપી સમજાવો : 10

(1) સિનેમાઘરને ઍરકન્ડિશન્ડ કરવાનો ખર્ચ રૂ. 5,00,000

(2) જમીન ખરીદીના દસ્તાવેજોનો સ્ટેમ્પ ખર્ચ રૂ. 1,20,000

(3) મકાનને રંગરોગાન કરાવવાનો ખર્ચ રૂ. 40,000

(4) આગથી બળી ગયેલ માલનું નુકશાન રૂ. 55,000

(5) રોકાણ વેચાણનું નુકશાન રૂ. 10,000

6 વાઉચિંગનો અર્થ સમજાવો. વાઉચિંગ અંગે ઑડિટરની ફરજોની ચર્ચા કરો. **10**

**અથવા**

6 નીચેનાનું વાઉચિંગ તમે કેવી રીતે કરશો : (કોઈ પણ **બે**) **10**

(1) પ્રાથમિક ખર્ચા

(2) પગાર અને મજૂરી

(3) આડત પર વેચવા મોકલેલ માલ

(4) રોકાણોની ખરીદી.

## ENGLISH VERSION

**Instructions :** (i) Write answer of all questions in main answer book.

(ii) Right side figures show marks of each question.

1 Out of options given for answer give correct and proper answer for following multiple choice questions : **20**

(1) The process of comparing the entries appearing in the books of accounts, with supporting evidences is knows as __________.

(A) Accounting (B) Vouching

(C) Voucher (D) Internal check

(2) Which of the following is not necessary for the purpose of regulating the profession of auditing in India ?

(A) The Income Tax Act - 1961

(B) The Companies Act - 1956

(C) The Chartered Accountants Act, 1949

(D) Audit code formulated by the Auditor General of India.

(3) Which one of the following error does not affect the trial balance ?

(A) Overcasting of sales book.

(B) Error of principle.

(C) Writing incorrect balance of an account in the trial balance.

(D) Posting on the wrong side of an account.

(4) Which of the following statements is not considered a "Limitation of Auditing" ?

(A) Not useful for small business units

(B) Lack of Assurance of completely correct Accounts.

(C) It works as a moral check on the employees.

(D) Auditor's prejudices are reflected in his audit work.

(5) Which one of the following errors is not considered "clercial error" ?

(A) Wrong allocation of expenditure between capital and revenue.

(B) Finding out wrong balance of an account.

(C) Mistake in the totalling of subsidiary books.

(D) To carry forward the wrong balance of an account.

(6) When the audit of accounts is carried on by salaried staff appoint by the business unit, it is called _______.

(A) External Audit (B) Internal Audit

(C) Statutory Audit (D) Social Audit

(7) Which one of the following tactic of manipulation of accounts is going to result in overstating of profit ?

(A) Over-valuing the opening stock.

(B) Showing fictitious purchase

(C) Charging revenue expenditure as capital expenditure.

(D) Suppressing the sales invoices.

(8) Which of the following statements is not correct ?

(A) Internal Auditor is appointed by the management.

(B) Mistake in the totalling of an account is a clerical error.

(C) Only responsible official should be authorized to write off the defective goods or wastages.

(D) Posting on the wrong side of an account will not affect the trial balance.

(9) Which one of the following is not a relevant criterion for the correct allocation of expenditure between capital and revenue ?

(A) Has it enhanced the earning capacity of the business.

(B) Has the expenditure resulted in acquisition of any fixed asset.

(C) Has it added to existing fixed assets.

(D) Has the expenditure resulted in increase in owners' equity.

(10) The auditor should not issue following instruction to his client before actual audit work is commenced :

(A) To provide a security deposit to cover auditor's fees.

(B) To arrange the vouchers in chronological order.

(C) To prepare a list of closing stock with the method of valuation.

(D) To prepare schedule of debtors.

(11) Which of the following is one of example of revenue expenditure ?

(A) Stamp fees and brokerage paid on purchasing building.

(B) Money spent on purchasing fixed assets.

(C) Expenses for making the cinema-house air-conditioned.

(D) Money spent to maintain the present efficiency level of a fixed asset.

(12) When the Auditor checking of only a few selected transactions, It is known as ______.

(A) Routine checking (B) Surprise checking

(C) Test checking (D) None of these.

(13) Which of the following expenses is not a deferred revenue expenditure ?

(A) Installation expenses of new plant to be used from the next year.

(B) Expenses of shifting business

(C) Underwriting commission on issue of share.

(D) Advertisement campaign expenses for introducing a new product.

(14) Which of the following is not one of the object of vouching ?

(A) To see that all transactions are correctly recorded in the books of accounts.

(B) To see that the firm is not going to incur any loss.

(C) To ascertain that no transaction is left out from being record.

(D) To see that necessary vouchers relating to entries recorded in book are with the client.

(15) A plan for carrying out audit work prepared by the auditor in advance is called _______.

(A) Audit Notebook (B) Audit Report

(C) Audit Programme (D) Audit Certificate.

(16) Regarding checking of purchase invoices, which of the following points should not be kept in mind ?

(A) The purchase invoice should be in the name of the business.

(B) The goods purchased should be that of the business of the client.

(C) The date of the invoice should tally with the date of entry in the purchase book.

(D) Reason for delayed payment by a month.

(17) When the auditor checks all the transactions entered in all books of accounts with supporting vouchers and other documentry evidences, it is known as_______.

(A) Complete Audit (B) Partial Audit

(C) Management Audit (D) Social Audit

(18) The word 'Audit' has been derived from the latin word '_________'.

(A) Audire (B) Account

(C) Audience (D) Accounting

(19) Which of the following statement is not correct in respect of 'Internal check of wages' ?

(A) There should be a scientific system of recording the attendance of all workers.

(B) Internal check for payment of wages must be a well devised system.

(C) The payment of wages to casual workers should be certified and approve by a responsible officer.

(D) Even when the wages are paid on the basis of work perfomed, it is necessary to record time accurately.

(20) 'An Auditor is a watch-dog and not a blood hound' - It was decided in the famous case of _______.

(A) London and General Bank case

(B) The Blue Bond Navigation Co. Ltd.

(C) Union Bank of Allahabad

(D) Kingston Cotton Mills Company Ltd.

2 'Accountancy is a necessity, while auditing is a luxury.' Do you agree with this statement ? Why? **10**

**OR**

2 What is Auditing ? Describe the scope of Auditing. **10**

3 What is meant by continuous Audit ? State the disadvantages of such audit. What precautions would you suggest to overcome the disadvantages ? **10**

**OR**

3 What is Internal Audit ? How it is differ by statutory Audit ? **10**

4 You are appointed as an auditor in a new company. What are the points you will be bear in your mind at the time of starting a new audit ? **10**

**OR**

4 Suggest internal check system for cash sales. **10**

5 Define the term Auditing, explain the objects of Auditing. **10**

**OR**

5 State whether the following expenses are capital expenditure or Revenue Expenditure. Give reasons for your answers. **10**

(1) Expenses for making the cinema house airconditioned Rs. 5,00,000

(2) Cost of stamps for purchase deed of land Rs. 1,20,000

(3) Colouring expenses of building Rs. 40,000

(4) Goods destroyed by fire Rs. 55,000

(5) Loss on sales of investments Rs. 10,000

6 Explain the meaning of vouching. Discuss the duties of an auditor in regard to vouching. **10**

**OR**

6 How would you vouch the following : (Any **two**) **10**

(1) Preliminary Expenses.

(2) Salary and wages.

(3) Goods sent on consignment

(4) Purchase of Investments.